**<u>રાજયમાં બનતી Mob lynching/ Violenceની</u>**

**<u>ઘટનાઓ અટકાવવા બાબત.</u>**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક:વિ-૨/પશઅ/૧૨૨૦૧૭/૬૪૭
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 17 SEP 2018

**પરિપત્ર:**

નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન (સીવીલ) ક્રમાંક: ૭૩૨/૨૦૧૬, ૭૫૪/૨૦૧૬, ૭૬૪/૨૦૧૬ તથા ૭૬૮/૨૦૧૬માં નામ. સુપ્રિમ કોર્ટના તા.૦૬/૦૯/૨૦૧૭ના હુકમથી ગૌરક્ષકોને કાયદો હાથમાં લેતા અટકાવવા માટે પ્રત્યેક જિલ્લાઓમાં નોડલ ઓફીસરની પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ તેઓના તા.૦૭/૦૯/૨૦૧૭ના હુકમ ક્રમાંક: જી-૧/ક્રાઈમ/ટે-૨/પ્રાણી -૪૮/૧૭/૭૮૩૩/૨૦૧૭થી કેરેલ છે તથા પોલીસ મહાનિરિક્ષકશ્રી – સ્ટેટ ટ્રાફીક બ્રાન્ચ, ગુજરાત રાજય દ્વારા તેઓના તા.૧૧/૦૯/૨૦૧૭ના પત્રથી(નકલ સામેલ છે.) તમામ સત્તાધિકારીઓને તેઓના ક્ષેત્રાધિકારમાં ફરજ બજાવતા ટ્રાફીક પોલીસ દ્વારા પેટ્રોલીંગ દરમિયાન અનુસરવાની કાર્યપધ્ધતિ બાબતે પણ સૂચના આપવામાં આવેલ છે.

નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આ કેસમાં તા.૧૭/૦૭/૨૦૧૮ના હુકમથી રાજયમાં ગૌરક્ષા, પશુ કરુણા અથવા અન્ય કોઈપણ કારણોસર કોઈ પણ વ્યકિતને કાયદો હાથમાં લેવાનો અધિકાર ન હોઈ, તેઓને કાયદો હાથમાં લેતા અટકાવવા તથા Mob lynching/Violenceની ઘટના સંપૂર્ણપણે અટકાવવા બાબતે નિર્દેશન આપેલ છે. જે અન્વયે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી – ગુજરાત રાજયએ તેઓના તા.૨૪/૦૭/૨૦૧૮ના પત્રથી(નકલ સામેલ છે.) સ્વયંસ્પષ્ટ સૂચનાઓ આપેલ છે.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા તેઓના તા.૦૭/૦૯/૨૦૧૭ તથા તા.૨૪/૦૯/૨૦૧૮ના પત્રથી આપવામાં આવેલ સૂચનાઓ તથા પોલીસ મહાનિરિક્ષકશ્રી – સ્ટેટ ટ્રાફીક બ્રાન્ચ, ગુજરાત રાજય દ્વારા તેઓના તા.૧૧/૦૯/૨૦૧૭ના પત્રથી પેટ્રોલીંગ બાબતે આપવામાં આવેલ સૂચનાઓનું અક્ષરશ: પાલન થાય તે સુનિશ્ચિત કરવા તથા કોઈપણ કારણોસર Mob lynching/Violenceની ઘટના ન બને તે અંગે પૂરતી તકેદારી રાખવા આથી તમામ નોડલ અધિકારીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પંકજ દવે)
ઉપસચિવ(કા.-વ્ય.)
ગૃહ વિભાગ

(પાછળ)

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા., ગાંધીનગર
- પોલીસ મહાનિદેશકશ્રી , સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગુ.રા., ગાંધીનગર
- પોલીસ મહાનિદેશકશ્રી(ઇન્ટે.), ગુ.રા., ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી
- સર્વે પોલીસ અધિક્ષકશ્રી
- સર્વે રેન્જ વડાઓ

Gujarat Police
ગુજરાત પોલીસ

# પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી

પ્રથમ માળ, પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯ ૨૩૨ ૪૬૩૨૮/૩૦ ફેક્સ નં. ૦૭૯ ૨૩૨ ૪૬૩૨૯
Email:- dgp-scr@gujarat.gov.in

**નામ.સુપ્રિમ કોર્ટ મેટર**

ક્રમાંક: જી-૧/ક્રાઈમ/ટિ-૨/પ્રાણી-૪૮/૧૭/ /૨૦૧૮
તારીખ:૨૪/૦૭/૨૦૧૮

**વિષય:** ટોળા દ્વારા થતી હિંસા રોકવા અંગે નામ.સુપ્રિમ કોર્ટના હુકમની અમલવારી બાબત

**વંચાણે લીધા:** નામ.સુપ્રિમ કોર્ટ રીટ પિટીશન (સીવીલ)નં-૭૫૪/૨૦૧૬
(Tehseen S. Poonawalla Vs Union of India and others)ના
તા. ૧૭/૦૭/૨૦૧૮ના હુકમ

**સંદર્ભ:**
૧) નામ.સુપ્રિમ કોર્ટ રીટ પિટીશન (સીવીલ)નં-૭૫૪/૨૦૧૬, ૭૬૪/૨૦૧૬ તથા ૭૬૮/૨૦૧૬ના તા. ૧૭/૦૭/૨૦૧૮ના હુકમ
૨) અત્રેના ક્રમાંક: જી.૧/ક્રાઈમ/ટિ.૨/પ્રાણી-૪૮/૧૭/૭૮૩૩/૨૦૧૭, તા. ૦૭/૦૯/૨૦૧૭
3) અત્રેના ક્રમાંક: ૧૮૬/એસટીબી/આરબી/પ્રાણી/૪૪૭/૧૭, તા. ૧૧/૦૯/૨૦૧૭

**પરિપત્ર:**

અંગત અદાવતોમાં અને સામાન્ય ઝઘડામાં થતાં રાયોટીંગ/હિંસાના બનાવો સિવાયના લોકોના ટોળા દ્વારા કોઈ ચોક્કસ મુદ્દાને લઈને જે હિંસા (જેને અંગેજીમાં Lynching કહેવામાં આવે છે) કરવામાં આવે છે તે સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટે રીટ પિટીશન (સીવીલ)નં-૭૫૪/૨૦૧૬માં આપેલ ચુકાદામાં વિગતવાર આદેશો કરેલ છે. આ ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ગૌરક્ષા, જીવદયા કે અન્ય અન્ય હેતુઓની પ્રાપ્તિ માટે બનેલ સંગઠનોના કાર્યકરો દ્વારા સામૂહિક કે વ્યક્તિગત રીતે તેમજ અન્ય નાગરિકો કે ટોળા દ્વારા કાયદો હાથમાં લઈને થતાં હિંસાત્મક બનાવો(Mob-violence/Mob lynching/Vigilantism) અટકાવવા માટે અને આવા બનાવો બને ત્યારે લેવા પાત્ર પગલાંઓ અંગે જે આદેશો કરેલ છે તે અન્વયે નીચે મૂજબની કાર્યવાહી સુનિશ્ચિત કરવા સૂચના છે.

(૧) રાજ્યના તમામ જીલ્લા/શહેરમાં હિંસાની આવી ઘટનાઓ (Lynching) રોકવા માટે એક નોડલ અધિકારીની નિયુક્તિ કરવાની રહે છે. સંદર્ભ-૨થી જે પ્રમાણેના નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવેલ છે, તેમને આ હેતુ માટેના નોડલ અધિકારી ગણવાના રહેશે. કમિશનરેટ વિસ્તારમાં સંબંધીત પોલીસ કમિશનરશ્રી અને જીલ્લામાં સંબંધીત પોલીસ અધીક્ષકશ્રી ઉક્ત પ્રકારની ઘટનાઓ રોકવાના હેતુ માટેના નોડલ અધિકારી રહેશે અને તેમની મદદમાં નાયબ પોલીસ અધીક્ષક કક્ષાના એક અધિકારી રાખવાના રહેશે.

(૨) આ પ્રકારની હિંસા કરનારા અને સમાજમાં વૈમનસ્ય ફેલાય તેવા કે ખોટા સમાચારો/ઉશ્કેરણીજનક વિધાનો (Provocative Statements & Fake News) ફેલાવનારા અથવા ભડકાઉ ભાષણો (Hate

speeches) કરનારા લોકોને ઓળખી કાઢી આવી પ્રવૃત્તિ અંગે આગોતરી માહિતી મેળવવાના હેતુ માટે નોડલ અધિકારીશ્રીની દેખરેખ હેઠળ એક ખાસ દળની રચના પણ કરવાની રહેશે.

(૩) નોડલ અધિકારીશ્રીએ મહિનામાં ઓછામાં ઓછા એક વખત જીલ્લા/શહેરની તમામ એલ.આઇ.બી/ખાસ શાખા તથા થાણા અધિકારીઓ સાથે બેઠક યોજીને જીલ્લા/શહેરમાં ટોળાં દ્વારા હિંસા થવાના અંગેની કોઈપણ પ્રકારની પરિસ્થિતિ/ભાવના પ્રવર્તમાન છે અથવા થવા શક્ય છે કે કેમ તે અંગે સમીક્ષા કરવાની રહેશે અને કોઈપણ પ્રકારની હિંસાત્મક ઘટનામાં પરીણમે તેવા ઉશ્કેરણીજનક કે વાંધાજનક સાહિત્ય/લખાણ/બાબત સોશ્યલ મિડિયા કે અન્ય પ્લેટફોર્મના માધ્યમથી ફેલાય નહિં તે સુનિશ્ચિત કરવા તમામ પગલાંઓ લેવાના રહેશે. નોડલ અધિકારીશ્રીના વિસ્તારમાં જો કોઇ ચોક્કસ જાતિ કે સમાજ પ્રત્યે કોઇ રોષ કે વૈમનસ્યનું વાતાવરણ હોય અને તેના કારણે ભવિષ્યમાં આવી કોઇ હિંસાની ઘટના બનવા સંભવ હોય તો તકેદારીના પગલાંઓ ઉપરાંત આવી વૈમનસ્યની ભાવના દૂર કરવા જરૂરી પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

(૪) જે ટોળા દ્વારા હિંસા/તોડફોડ થવા સંભવ હોય, અથવા કોઈ બાબત/હેતુ માટેની કથિત રક્ષાના નામે ટોળા કે સમૂહ દ્વારા હિંસા થવા સંભવ હોય તો તેવા ટોળાને સી.આર.પી.સી. કલમ-૧૨૯થી મળેલ સત્તા વાપરીને વિખેરી નાંખવું એ તમામ પોલીસ અધિકારીની કાયદેસરની ફરજ છે. જેથી આ બાબતે તમામને વાકેફ કરવા અને તે પ્રમાણે કાર્યવાહી કરવા સૂચના કરવી.

(૫) ભૂતકાળમાં જે વિસ્તારોમાં આ પ્રકારની ઘટનાઓ બનેલી હોય અથવા હવે જે વિસ્તારોમાં બનવા સંભવ હોવાની માહિતી સ્થાનિક ગુપ્તચર તંત્ર પાસેથી મળે, તેવા તમામ સંવેદનશીલ વિસ્તારોમાં અસરકારક પેટ્રોલીંગ સ્કીમનું આયોજન કરવાનું રહેશે. આ પ્રકારની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમો/અસામાજીક તત્ત્વો અંકુશમાં અને કાયદાની મર્યાદામાં રહે તથા કાયદો હાથમાં લેતાં ડરે તેવી રીતે અસરકારક પેટ્રોલીંગ કરવામાં આવે તેવું આયોજન કરવું.

(૬) ભડકાઉ, આપત્તિજનક અથવા જેનાથી કોઇ ટોળા કે સમૂહને હિંસા કરવા ઉત્તેજન મળે તેવા સંદેશાઓ, વિડીયો કે ઓડીયો બનાવનાર કે ફેલાવનાર વિરુધ્ધ આઇ.પી.સી કલમ-153A અને/અથવા અન્ય કાયદાની યોગ્ય કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

(૭) આવી ઘટનાઓ રોકવા લેવામાં આવેલ તમામ પગલાંઓ છતાં જો આવો કોઇ બનાવ બને તો સ્થાનિક પોલીસ દ્વારા તાત્કાલીક સમય ગુમાવ્યા વગર તે સંદર્ભે આઇ.પી.સી. અને/અથવા અન્ય કાયદાની સંગત કલમો હેઠળ ગુનો દાખલ કરવાનો રહેશે.

(૮) જે પોલીસ સ્ટેશનમાં આવા કોઈ બનાવ અંગે ગુનો દાખલ કરવામાં આવે, તે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીએ સંબંધીત જીલ્લા/શહેરના નોડલ અધિકારીશ્રીને આવા ગુના અંગેની તાત્કાલીક જાણ કરવાની રહેશે અને નોડલ અધિકારીશ્રીએ તે બનાવમાં ભોગ બનનારના પરિવારજનોને કોઈ હેરાનગતિ ન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૯) આવા ગુનાઓની તપાસ ઉપર નોડલ અધિકારીશ્રીએ અંગત રીતે દેખરેખ રાખવાની રહેશે અને ગુનાની તપાસ અસરકારક રીતે થાય અને ગુનો દાખલ થયા બાદ અથવા આરોપીની ધરપકડ થયા બાદ સમય મર્યાદામાં ચાર્જશીટ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૦) જો કોઇ પોલીસ અધિકારી/કર્મચારી દ્વારા આ પ્રકારની હિંસાની ઘટનાઓ રોકવા, તે અંગેના ગુનાની તપાસ કરવામાં અથવા તો તે ગુનાની ન્યાયિક કાર્યવાહી સત્વરે કરવામાં પૂરતો સહયોગ આપવામાં કોઇ નિષ્કાળજી કે ઉદાસિન વલણ જણાય આવશે તો સંબંધીત અધિકારીએ સભાનપણે આવી નિષ્કાળજી દાખવેલ હોવાનું ગણીને તેવા અધિકારી/કર્મચારી વિરુધ્ધમાં આવી નિષ્કાળજી બદલ નિયમોનુસારની ખાતકીય શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવાની રહેશે. આવી ખાતાકીય તપાસની કાર્યવાહી ૬ માસની અંદર પૂર્ણ કરવાની રહેશે.

(૧૧) નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા Arumugam Servai vs. State of Tamil Naduમાં અપાયેલ ચુકાદા મુજબ જો એ બાબત ફલિત થાય કે કોઇ અધિકારી દ્વારા આ પ્રકારની ઘટના બનવા અંગેની આગોતરી માહિતી હોવા છતા ઘટાના બનતી રોકવા પ્રયત્નો કરવામાં આવેલ નથી અથવા તો આવી ઘટના બન્યા બાદ ત્વરિત પગલાં લઈને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં નથી આવી, તો તેવા અધિકારી વિરુધ્ધ નિયમોનુસારની ખાતકીય શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧૨) આ પ્રકારની ઘટનાઓ રોકવા માટે, આ હેતુ માટે અત્રેથી તમામ શહેર/જીલ્લામાં નિમાયેલ નોડલ અધિકારીશ્રીઓ અને સી.આઇ.ડી.(આઇ.બી.)ના વડા સાથે ત્રિમાસિક ધોરણે એક વખત બેઠક અત્રેથી બેઠક યોજી આ પ્રકારની ઘટનાઓ અંગે સમીક્ષા કરવામાં આવશે. નોડલ અધિકારીઓ દ્વારા આ પ્રકારની ઘટનાઓ રોકવા સંબંધેના એક્શન પ્લાનમાં જો કોઇ આંતર-જીલ્લા સંકલનના પ્રશ્નો હોય તો તેનું બેઠકમાં અત્રેની કચેરીના સ્તરેથી નિરાકરણ લાવવામાં આવશે.

**(શિવાનંદ ઝા)**
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**પ્રતિ**

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ, ગુ.રા.
- તમામ રેન્જ વડાશ્રી, ગુ.રા.
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ, ગુ.રા.

**નકલ સવિનય રવાના:**

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ અને રેલવેઝ), ગુ.રા., ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (આઇ.બી.), ગુ.રા., ગાંધીનગર.

સુપ્રિમ કોર્ટ મેટર
જીસ્વાન/ફેકસ પત્ર દ્વારા

ક્રમાંક:-૧૮૬/STB/RB/પ્રાણી/૪૪૭/૧૭
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ
અધિકારીની કચેરી, ગુ.રા., ગાંધીનગર
તા.૧૧/૦૯/૨૦૧૭

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ,
- તમામ રેન્જ વડાશ્રીઓ;
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ.(વેસ્ટર્ન રેલ્વે અમદાવાદ, વડોદરા સહિત)

વિષયઃ નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન સીવીલ નં. ૭૫૪/૨૦૧૬, ૭૬૪/૨૦૧૬ તથા ૭૬૮/૨૦૧૬ માં તા. ૬/૯/૨૦૧૭ ના હુકમ સંદર્ભે ટ્રાફિક પોલીસ દ્વારા હાઇવે પેટ્રોલીંગ દરમ્યાન જરૂરી કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભઃ (૧) પો.મહા.અને મુ.પો.અધિ.શ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃ જી-૧/ક્રાઇમ/ટે-૨/પ્રાણી/૪૮/૧૭/ ૭૮૩૩/૨૦૧૭ તા.૭/૯/૨૦૧૭

(૨) પો.મહા.અને મુ.પો.અધિ.શ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃજી-૧/ક્રાઇમ/ટે-૨/પ્રાણી/૪૮/૧૭/ ૭૮૪૨/૨૦૧૭ તા.૭/૯/૨૦૧૭

(૩) પો.મહા.અને મુ.પો.અધિ.શ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃજી-૧/ક્રાઇમ/ટે-૨/પ્રાણી/૪૮/૧૭/ ૭૯૧૩/૨૦૧૭ તા.૮/૯/૨૦૧૭

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભના પત્રોથી પશુઓની હેરફેર કે પશુઓ/માસના વેપાર સાથે સંકળાયેલ વ્યકિતઓ વિરૂધ્ધ ગૌરક્ષાનાં નામે ગૌવંશના રક્ષણના હેતુથી કે જીવદયાના નામે, જીવદયા કે ગૌરક્ષા સાથે સંકળાયેલ સંગઠનોના કાર્યકરો તેઓના સંગઠન વતી સામુહિક કે વ્યકિતગત રીતે તેમજ અન્ય નાગરીકોને સાંમુહિક કે વ્યકિતગત રીતે કાયદો હાથમાં લઇ હિંસા કે કૃત્યો વિગેરે ગેરકાયદેસર પ્રવૃતિ સદંતર નાબુદ કરવા માટે નામ.સુપ્રિમ કોર્ટ રીટ પીટીશન (દિવાની)-૭૫૪/૨૦૧૬ માં વરિષ્ઠ પોલીસ અધિકારીઓને નોડલ અધિકારી તરીકે નિમવા તથા જરૂરી કાર્યવાહી કરવા સંદર્ભ નં. (૧) ના પત્રોથી જણાવવામાં આવેલ છે.

૨. આપના શહેર/જીલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના એકસપ્રેસ હાઇવે, નેશનલ હાઇવે, સ્ટેટ હાઇવે તથા અન્ય રોડ ઉપર ગૌરક્ષાના નામે ગૌવંશના રક્ષણના હેતુથી કે જીવદયાના નામે, જીવદયા કે ગૌરક્ષા સાથે સંકળાયેલ સંગઠનોના કહેવાતા કાર્યકર તેઓના સંગઠન વતી સામુહિક કે વ્યકિતગત રીતે તેમજ અન્ય નાગરીકોને પણ સામુહિક કે વ્યકિતગત ધોરણે કાયદો હાથમાં લઇ હિંસાત્મક કૃત્યો કરવાની કે ગેરકાયદેસર કૃત્યો નિવારવા માટે નીચે મુજબની વ્યૂહાત્મક રૂપરેખા તૈયાર કરી મોકલી આપેલ છે, તે મુજબ ટ્રાફિક

પોલીસ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન કાર્યવાહી કરવાની રહેશે અને કરેલ કાર્યવાહીનો અહેવાલ દરમાસે અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) પશુઓ/માસની હેરફેર સાથે સંકળાયેલ વ્યાપારીઓ પર થતાં હિંસાત્મક કૃત્યો છાશવારે બનતા રહે છે. આ પ્રકારના બનાવો ન બને અથવા બનતા અટકાવી શકાય તે અર્થે ખાનગી સોર્સ થકી ચોકકસ આગોતરી માહીતી મેળવવી, આ માટે ખાસ કરીને હાઇવે ઉપરના હોટલો, ધાબાઓ, પેટ્રોલ પંપ, ટોલનાકાઓ વિગેરેના સંચાલકો અને અન્ય પોલીસ બાતમીદારો પાસેથી આગોતરી માહીતીઓ મળી શકે તે રીતેની વ્યવસ્થા ઉભી કરવી. અને તેનું વિશ્લેક્ષણ કરી બનાવ અટકાવવા પુરતા પ્રયત્નો કરવા.

(૨) ઉપર મુજબના બનાવો ખાસ કરીને અમુક ચોકકસ સ્થળો, ચોકકસ માર્ગ અને ચોકકસ વિસ્તારોમાં વધુ પડતા બનતા હોય છે. તેવા નેશનલ હાઇવે, સ્ટેટ હાઇવે તથા અન્ય માર્ગો ઉપરના સ્થળોને શોધી, ઓળખી તેનું મેપીંગ-યાદી બનાવવી. વધુમાં બનતા હિંસાત્મક બનાવોની એક ખાસ પેટર્ન હોય છે. જેમ કે અમુક ચોકકસ સમયે, ચોકકસ સ્થળોએ આ પ્રકારના કાર્યકરોના પડાવ હોય છે અને અમુક જગ્યાઓમાં તેઓ દ્વારા વાહનોને આંતરવામાં આવતા હોય છે. આ પ્રકારના અસરગ્રસ્ત સમય અને સ્થળો તમારા કાર્યક્ષેત્ર મુજબ નક્કી કરી તે જ રીતે ગૌવંશની હેરાફેરી કરતા ઇસમો અમુક ચોક્કસ પ્રકારની એમ.ઓ. અનુસરતા હોય છે જેનો વધુ અભ્યાસ કરી આવા ઇસમો દ્વારા પસંદ કરવામાં આવતા રૂટ, સમય, વાહનો, વાહનોમાં પેકીંગ કરવાની રીત વિગેરે અંગે તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીઓને બ્રીફ કરી તે અંગે વોચમાં રહેવુ.

(3) વિસ્તારના સર્વેક્ષણ બાદ તૈયાર કરવામાં આવેલ સેન્સેટીવ સ્થળો (વલ્નરેબીલીટી મેપીંગ) અને ગૌવંશ ની હેરાફેરી કરનારની મોડસ ઓપરેન્ડી અને ગૌરક્ષકો ની કાર્યપધ્ધતીને અનુરૂપ જરૂરીયાત મુજબ ગુપ્ત વોચ ગોઠવવી તદ્ઉપરાંત આ પ્રકારના સ્થળોએ સઘન પેટ્રોલીંગની વ્યવસ્થા ઉભી કરવી અને તે થકી બનતા હિંસાત્મક બનાવો અટકાવવા.

(૪) પશુઓ/માંસની હેરાફેરી કરતાં વ્યાપારીઓ ઉપર બનતા હિંસાત્મક કૃત્યોની સંવેદનશીલતા અને ગંભીરતા સમજી થતી હેરાફેરીમાં પોલીસ સિવાય અન્ય કહેવાતા કાર્યકરો કે સંગઠનો હસ્તક્ષેપ ન કરે,

CS-73

ખાનગી વ્યક્તિઓ કાયદા હાથ મા ન લે અને આ પ્રકારના બનાવો ન બને તે અર્થે તમામ સબંધિત વ્યકિતઓમાં પ્રચાર-પ્રસાર દ્વારા વધુમાં વધુ જાગૃકતા લાવવા આયોજન કરવું.

(૫) પોલીસ વિભાગ દ્વારા ગૌવંશ કે પ્રાણીઓ પ્રત્યેના તમામ કાયદાઓનું ચુસ્તપણે અમલ થાય તે સુનિશ્ચિત કરવું. પશુઓ/માંસની થતી હેરાફેરીની કાયદેસરતા ચકાસવાના અધિકાર માત્ર પોલીસ વિભાગના છે. પરંતુ ઘણી વખત આ કામગીરી પોલીસ સિવાયના માણસો કે સંસ્થાઓ દ્વારા કરવાથી જે ઘર્ષણ અને કાયદો - વ્યવસ્થાની પરીસ્થિતીઓ ઉત્પન્ન થાય છે, હિંસાત્મક બનાવો બને છે તે અટકાવવા માટે તમામ પ્રયત્નો કરવા અને બનાવ બનેથી સત્વરે કાયદાકીય કાર્યવાહી કરી સંડોવાયેલ તમામ આરોપીઓને વિના વિલંબે શોધી કાઢી અસરકારક પગલાં લેવા.

બિડાણઃસંદર્ભ નં.૧ ની નકલ

આપનો વિશ્વાસુ

(મનોજ શશીધર)

પોલીસ મહાનિરીક્ષક

સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ, ગુ.રા., ગાંધીનગર

<u>નકલ સવિનય રવાનાઃ (જાણ સારૂ)</u>

- પોલીસ મહાનિદેશકશ્રી, (કા.અને વ્ય.), ગુ.રા., ગાંધીનગર
- પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ, ગુ.રા., ગાંધીનગર

૨/-નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ ની રિટ પિટીશન સીવીલ નં ૭૫૪/૧૬, ૭૬૪/૧૬ તથા ૭૬૮/૧૬ તા.૦૬/૦૯/૧૭ ના હુકમ સંદર્ભે જરૂરી કાર્યવાહી કરવા સારૂ.